dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-217 | AD-2024, Vaishakh Sud-15 | Monday, Dt.12-05-2025 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-10+4 Price : Rs.3-00

મન ચડયુ મોટપને ચાળે,
પ્રભુ એની વેળા કેમ વાળે ?

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ ૧૨/૦૫/૨૦૨૫, સોમવાર





:: વંદનકર્તા ::



શ્રી કૌશિકભાઈ વેકરીયા
નાયબ મુખ્ય દંડક,
ગુજરાત વિધાનસભા
ધારાસભ્યશ્રી અમરેલી-કુંકાવાવ-વડીયા

આ છે પંખીનો માળો રે,
હાય! કોઈ ભવ નહી ભેળો રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ:
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર



:: વંદનકર્તા ::



શ્રી સુરેશભાઈ દેસાઈ
કન્વીનરશ્રી
અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિ



શ્રી વસંતભાઈ મોવલીયા
ટ્રસ્ટીશ્રી
ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ

આ છે પંખીનો માળો રે,
હાય! કોઈ ભવ નહી ભેળો રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.



તારીખ ૧૨/૦૫/૨૦૨૫, સોમવાર

:: વંદનકર્તા ::

મુકેશભાઈ સાવલીયા
ભોજલધામ – ફતેપુર
તા. અમરેલી.

ભાવ ભીની શ્રદ્ધાંજલિ



સ્વ. કાંતાબેન વશરામભાઈ દેસાઈ
સ્વ. તા.૦૯.૦૫.૨૦૨૫ (શુક્રવાર)

અંજલી અર્પણ કરીએ તો આંસુ સરે છે, તસવીર તમારી જોતા હૈયુ રડે છે.
દરીયા જેવું નિખાલસ હદય, અમારી સાથેનો આપનો અતુટ નાતો કાયમી
સંભારણું બની રહેશે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતી આપે એજ પ્રાર્થના

લી.

કાળુભાઈ એમ. ભંડેરી
શારદાબેન કાળુભાઈ ભંડેરી
શૈલેષભાઈ કે. ભંડેરી
ભાર્ગવભાઈ કે. ભંડેરી

ફર્મ : વિવેક ઓઈલ મીલ, સહયોગ જીનીંગ
ભંડેરી ઈન્ડસ્ટ્રીઝ, કીરણ સોલવેક્ષ
નેચરલ ટેક્ષચાર્ન
ભંડેરી પરિવારના જય શ્રી કૃષ્ણ

આ છે પંખીનો માળો રે, હાય કોઈ ભવ નહી ભેળો રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫, સોમવાર

:: વંદનકર્તા ::

શિક્ષકો એ જ સંચાલકો – માગદર્શકો

નિલેષભાઇ ગજેરા
M.Sc.,M.Phil.,B.Ed.
એજ્યુકેશનલ ડાયરેક્ટર

મયુરભાઇ ગજેરા
M.Sc.,M.Phil.,B.Ed.
સંસ્થાના સ્થાપક, સ્વપ્નદ્રષ્ટા

પ્રહલાદભાઇ વામજા
M.Sc.,M.Phil.,B.Ed.
કેમ્પસ ડાયરેક્ટર

ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ

કેરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં,
અમરેલી, ફોન : ૦૨૭૯૨-૨૩૦૦૧૦-૨૦,મો.૯૩૫૨૯ ૨૯૮૫૫

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

મનથી ફેરવો માળા રે, મેલી દિયો જગતના ચાળા રે

:: વંદનકર્તા ::

શ્રી સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા

માલાણી દિપકભાઇ કુરજીભાઇ
પ્રમુખશ્રી
(ડીરેક્ટર)

લાખાણી મહેશભાઇ મધુભાઇ
ઉપપ્રમુખશ્રી
(ડીરેક્ટર)

શ્રી જતીનભાઇ માલાણી
સેક્રેટરી
(ડીરેક્ટર)

કોઠીયા દુર્લભજીભાઇ મનજીભાઇ
માલાણી ચેતનભાઇ છગનભાઇ
રાદડીયા રમણીકલાલ વીરજીભાઇ
ખુમાણ જસુભાઇ શાર્દુળભાઇ
રાદડીયા અતુલભાઇ શામજીભાઇ
કાનાણી હાર્દિકકુમાર મનજીભાઇ

વિરાણી કાળુભાઇ વિરજીભાઇ
ઠુંમર કલ્પેશભાઇ હિંમતભાઇ
માલાણી અશ્વિનભાઇ ખીમજીભાઇ
મશરૂ હરેશભાઇ ધીરજલાલ
રામાણી અંકુર બાવચંદભાઇ

બલદાણીયા દેવાતભાઇ વાઘાભાઇ
માલાણી બાબુભાઇ ગોવિંદભાઇ
નાયક નિયામકશ્રી,ખે.બ.અને ચા, અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર,સ.મ. અમરેલી
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી (જિ.પં.) અમરેલી
માર્કેટીંગયાર્ડના તમામ કર્મચારીગણ-સાવરકુંડલા

જોઈ લ્યો જગતના બાવા, ધર્યો ભેખ ધૂતીને ખાવા

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦ મા પ્રાગટ્ય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી જે.વી. કાકડીયા
ધારાસભ્યશ્રી,
ધારી-બગસરા-ખાંભા
મત વિસ્તાર

ઉત્તમ જન્મ આવ્યો છે, જીવ ! તું વેળા વરતી લે.

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી મયુરભાઇ કાથરોટીયા
પ્રમુખશ્રી,
શહેર ભાજપ – ચલાલા.

દુનિયા ડોલવાને લાગી રે, જીવ તમે જુવો ને જાગી રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટ્ય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ ૧૨/૦૫/૨૦૨૫, સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી જનકભાઇ તળાવીયા
ધારાસભ્યશ્રી
લાઠી-બાબરા-દામનગર

દુનિયા ડોલવાને લાગી રે, જીવ તમે જુવો ને જાગી રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટ્ય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ ૧૨/૦૫/૨૦૨૫, સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી કરશનભાઇ ડોબરીયા
કન્વીનરશ્રી
સાવરકુંડલા તાલુકા ખોડલધામ સમિતિ

આ છે પંખીનો માળો રે, હાય! કોઈ ભવ નહી ભેળો રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી નિકુંજભાઇ જીયાણી
ખોડલધામ યુવા સમિતિ
સાવરકુંડલા.

દુનિયા ડોલવાને લાગી રે, જીવ તમે જુવો ને જાગી રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટ્ય

મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ ૧૨/૦૫/૨૦૨૫, સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી નિર્મળ જયાબેન વાટલીયા
પ્રમુખશ્રી,
યુથ કોંગ્રેસ – સાવરકુંડલા તાલુકા

મનથી ફેરવો માળા રે, મેલી દિયો જગતના ચાળા રે

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના ૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

:: વંદનકર્તા ::

હસમુખભાઇ પટેલ
શિવલાલભાઇ હપાણી
પ્રદિપભાઇ રાખોલીયા
મુકેશભાઇ ધામી
નાગનાથ કુડ પ્રોડકટસ – ચિતલ (જસવંતગઢ)

ભોજલ ભરોસો જેને ત્રિકમજી તારશે તેને

સંતશ્રી પૂ.ભોજલરામબાપાનો
૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવ
તારીખ ૧૨/૦૫/૨૦૨૫ સોમવાર

શ્રી ભોજલરામ
કૃષિ રક્ષા વર્કસ
ગેલ્વેનાઇઝ સાકળ જાળી ફેન્સીંગ, ગેલ્વેનાઇઝ કાંટાળા તાર ફેન્સીંગ

પ્રોટીન થી ભરપુર, શુધ્ધ ગુણવતા
શ્રી ભોજલરામ
પશુ આહાર
હાજર સ્ટોકમાં મળશે.
ખોળ, કપાસીયા, રાજદાણ, મકાઇ, ગોળ

:: વંદનકર્તા ::

શ્રી જે.ડી. સાવલીયા
મહામંત્રી,
લેઉવા પટેલ ચેરી.ટ્રસ્ટ–અમરેલી

સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગ યાર્ડ પાસે, અમરેલી
મો: ૯૪૨૬૨ ૨૩૮૧૦, ૯૯૭૪૦ ૨૭૪૧૦

દુનિયા દિવાની કહેવાશે રે, ભુંડી ભીતોમાં ભટકાશે.

સંતશ્રી પૂ. ભોજલરામબાપાના

૨૪૦મા પ્રાગટ્ય મહોત્સવને

ભાવવંદના સાથે ઉજવીએ.

તારીખ
૧૨/૦૫/૨૦૨૫
સોમવાર

:: વંદનકર્તા ::

શ્રી કાળુભાઇ કાછડીયા
શ્રી વિજયભાઇ કાછડીયા
અગ્રણી બિલ્ડર

જિલ્લામાં સતત છઠા દિવસે કમોસમી વરસાદનો કહેર : ખેતીના પાકને વ્યાપક નુકસાન

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામા છેલ્લા કેટલાક દિવસથી કમોસમી વરસાદ ખાબકી રહ્યો છે. જેના કારણે બાગાયતી પાકથી માંડી ખેતી પાકને પણ ભારે નુકશાન પહોંચ્યું છે. ત્યારે ખેડૂતો ખેતી પાકનું વળતર આપવા ઠેર ઠેર માંગ કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં આજદિન સુધીમાં વડીયામાં ૫૨ મીમી,



બાબરામાં ૬૨ મીમી, લાઠીમાં ૭૧ મીમી, લીલીયામાં ૭૯ મીમી, અમરેલીમાં ૬૫ મીમી, બગસરામાં ૧૧૩ મીમી, ધારીમાં ૫૬ મીમી, સાવરકુંડલામાં ૧૭૦ મીમી, ખાંભામાં ૩૮ મીમી, જાફરાબાદમાં ૪૦ અને રાજુલામાં ૫૬ મીમી કમોસમી વરસાદ ખાબક્યો છે. ભારે પવન સાથે વરસાદના કારણે કેરી, કેળ સહિતના બાગાયતી પાક અને ડુંગળી સહિતના પાકને ભારે નુકશાન પહોંચ્યું છે. ત્યારે નુકશાનીનું વળતર આપવા માટે ખેડૂતોમાંથી માંગ ઉઠી છે. આજે પણ અમરેલી શહેરમાં બપોર બાદ વિજળીના કડાકા-ભડાકા સાથે જોરદાર ઝાપટું પડયું હતું.

રાજુલામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

રાજુલા, તા.૧૧


રાજુલામાં શ્રી ખોડલધામ સમિતિ અને સરદાર પટેલ યુવા ગ્રુપ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ઘાયલ થયેલ ભારતીય જવાનોની લોહીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સંસ્થા દ્વારા આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ તકે રાજુલા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા, માર્કેટયાર્ડના ડાયરેક્ટર રમેશભાઈ વી. વસોયા, રાજેશભાઈ પરસાણા, રાજુલા નગરપાલિકાના કારોબારી ચેરમેન હેમલભાઈ વસોયા, ચોત્રા ગામના સરપંચ ભૌતિકભાઈ કીકાણી, અલ્પેશભાઈ સુહાગીયા, ભાર્ગવભાઈ કસવાળા, અમિતભાઈ સોજીત્રા, દર્શકભાઈ કસવાળા, તુષારભાઈ વસોયા, દિલીપભાઈ શેલડીયા, યશ વસોયા, હાર્દિક વસોયા પ્રફુલભાઈ કસવાળા, શિવમ સાવલિયા, કુંભારીયાના સરપંચ વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.

















Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નિત્યા સ્કીન ક્લિનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ
ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

બાબરાના ઈશ્વરીયા ગામે ભાઈએ સગાભાઈ સાથે રૂ. ૬૫ લાખની છેતરપિંડી આચરી

બાબરા, તા.૧૧

બાબરાના ઈશ્વરીયા ગામે ભાઈએ સગાભાઈ સાથે રૂપિયા ૬૫ લાખની છેતરપિંડી આચરી હતી. બનાવ સંદર્ભે જગુભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચર (ઉ.વ.૫૮)એ દીલીપભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચર સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા આરોપી બન્ને સગા ભાઈઓ થાય છે. તેમની વડીલો પાર્જીત ખેતીની જમીન ઈશ્વરીયા ગામે આવેલી છે. તેમના પિતાના અવસાન બાદ વારસાઈ હકે સંયુક્ત માલિકીમાં આવેલી છે. આ સંયુક્ત માલિકીની જમીનમાંથી તેમનું નામ નીકળી ગયું હતુ. આ બાબતે તેમણે તેના ભાઈને પૂછતા આ નામ શરતચુકથી નીકળી ગયું છે તેમ કહી ઉપરોક્ત જમીનમાં બોજો, કરજ, લેણુ, મહેસુલ વિગેરે કોઈ બાકી લેણુ નીકળે તે તા.૧૮/૧૧/૨૦૨૪ સુધીમાં ભરપાઈ કર્યું હતું. આ જમીન સંપૂર્ણ પણે ટાઈટલ ક્લિયર કરી તેમનું નામ જમીન દસ્તાવેજમાં ચડાવી આપીશ તેવો વિશ્વાસ આપી આ બાબતેનું બાનાખત કરી આપ્યું હતું. જે બાનાખતની અવધિ પૂર્ણ થતા બાનાખત મુજબ તેમનું નામ નહી ચડાવી આપી બેંકમાંથી રૂ.૬૫,૦૦,૦૦૦ ની લોન લઈ તેમની સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીની યુવતિને મહારાષ્ટ્રના ધુલીયામાં સાસરિયાની કનડગત

પતિએ ટીકાપાટુ માર્યા

અમરેલી, તા.૧૧

અમરેલીમાં રહેતી એક યુવતિના લગ્ન મહારાષ્ટ્રના ધુલીયા ખાતે થયા હતા. લગ્ન બાદ સાસરિયા દ્વારા ત્રાસ ગુજારવામાં આવતા અસલી ચહેરો સામે આવ્યો હતો. જે બાદ પિયર પરત ફરીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પૂજાબેન અમિતભાઈ મજેઠીયા (ઉ.વ.૩૪) મહારાષ્ટ્રના ધુલિયામાં રહેતા પતિ અમિતભાઈ સંજયભાઈ મજેઠીયા, ભાવનાબેન સંજયભાઈ મજેઠીયા, સુમિતભાઈ સંજયભાઈ મજેઠીયા, દિપાબેન રાજુભાઈ મજેઠીયા તથા રાજુભાઈ રમણીકભાઈ મજેઠીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગન ૨૦૧૭માં થયા હતા. થોડા દિવસો સુધી સારી રીતે રાખ્યા બાદ પતિ અમિતભાઈ સંજયભાઈ મજેઠીયા તથા સાસુ ભાવનાબેન સંજયભાઈ મજેઠીયા તથા તેના દિયર સુમિતભાઈ સંજયભાઈ મજેઠીયા તથા કાકીજી સાસુ દિપાબેન રાજુભાઈ મજેઠીયા અને કાકાજી સસરા રાજુભાઈ રમણીકભાઈ મજેઠીયાએ નાની નાની બાબતોમાં તેમજ કરીયાવર, ઘરકામ બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસીક દુઃખ ત્રાસ આપતા હતા. તેના પતિએ ઢીકાપટુનો મુંઢ માર મારી ગાળો પણ આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ સોનલબેન પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીમાં પતિએ પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી કોશના ઘા ઝીંક્યા

પતિ સાથે બોલાચાલી થઈ હતી

અમરેલી, તા.૧૧

અમરેલીમાં પતિએ પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી કોશના ઘા ઝીંક્યા હતા. શહેરના રોકડીયાપરામાં રહેતા ક્રિષ્નાબેન અલ્પેશભાઈ ઉર્ફે પિન્ટુભાઈ મૈયસુરીયા (ઉ.વ.૨૬)એ અલ્પેશભાઈ ઉર્ફે પિન્ટુભાઈ લાખાભાઈ મૈયસુરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમના પર તેના પતિ ચારિત્ર્ય બાબતે અવાર-નવાર શંકાઓ કરતા હતા. જેથી બોલાચાલી થતી હતી. શંકાના કારણે તેઓ તેમના મમ્મી-પપ્પાના ઘરે જતા રહ્યા હતા. પતિ ત્યાં આવ્યો હતો અને બોલાચાલી કરીને ત્યાં પડેલી લોખંડની કોશ લઈ જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે આશરે પાંચેક ઘા મારી મરણતોલ ઈજા કરી હતી. ઝઘડામાં તેમના બહેન વચ્ચે પડતા તેમને પણ હાથમાં ઈજા પહોંચી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જી.ચોચા વધુ તપાસ કરી રહ્યા છે.

ધારીમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી

ધારી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ

ધારી, તા.૧૧

ધારીમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી હતી. તુષારભાઈ મનિષભાઈ ઈટોલીયા (ઉ.વ.૨૨)એ મહિપતભાઈ વાળા રહે.લાખાપાદર, ગૌતમભાઈ મકવાણા, અનિરૂધ્ધભાઈ વાળા તથા ઉદયભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ગેરકાયજે ઉંચા વ્યાજે પૈસા આપી વ્યાજના નાણા મેળવવા માટે અવાર-નવાર પઠાણી ઉઘરાણી કરી વ્યાજના પૈસા આપવા ધમકી આપતા હતા. જેથી તેઓ ઝેરી દવા પી ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એસ. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાંથી ૧૦ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૦ પ્યાસીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લોકઅપમાં જતાં જ આરોપીઓનો નશો ગાયબ થઈ ગયો હતો. અમરાપુરા ગામે મહિલા પાસેથી ૧૦ લીટર, ચિતલ ગામેથી ૩ લીટર તથા અમરેલીમાંથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

ખાંભાના ડેડાણ ગામે ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલા ટ્રકમાંથી બેટરી ચોરાઈ

બેટરી ચોર ફરી સક્રિય થયા

ખાંભા, તા.૧૧

ખાંભાના ડેડાણ ગામે ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલા ટ્રકમાંથી બેટરી ચોરાઈ હતી. બનાવ અંગે મજીદભાઈ ઈસાકભાઈ ટાંક (ઉ.વ.૫૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ૦૪/૦૫/૨૦૨૫ થી ૦૫/૦૫/૨૦૨૫ દરમિયાન રાત્રીના સમયે તેમના તથા સાહેદોએ તેઓના ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલ ટ્રકમાંથી છ બેટરીઓ ચોરાઈ હતી. ઉપરાંત સાહેદ બાવચંદભાઈની ફોરવ્હીલની એક બેટરી પણ ચોરાઈ હતી. તમામ બેટરીઓની કુલ કિ.રૂ.૪૪,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.


























તંત્રી લેખ

આતંક સામેના યુદ્ધનો કદી વિરામ હોઈ શકે નહી

અમેરિકાના દબાણ નીચે ભારતે યુદ્ધ વિરામ સ્વીકાર્યું છે પરંતુ શરત રાખી કે જો આતંકવાદની કે આક્રમણની એક પણ હરકત કરવામાં આવશે તો ભારત પૂરી તાકાતથી તેનો તે જ સમયે વળતી કાર્યવાહીમાં જવાબ આપશે.

ભારતીય સેનાના નિવૃત્ત અધિકારીઓનું નિવેદન એવું પણ છે કે અત્યાર સુધીમાં ભારતે પાકિસ્તાન સામે જે યુદ્ધો કર્યા છે તે સમાપ્તિ સુધી પહોંચાડ્યા નથી જેના પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. ભારતે જતું કરવાની ભાવનાથી મોટાભાગે વધુ ગુમાવ્યું છે.

અમેરિકાના કહેવાથી યુદ્ધ વિરામ તો કરી નાખ્યું પણ ત્રણ કલાક બાદ એ જ ધોકેબાજ પાકિસ્તાનને ભારત પર એટેક શરુ કરી દીધા તેનો સીધો મતલબ એવો છે કે આ લોકો કોઈ દિવસ સુધરવાના નથી. આતંકવાદનો ખાતમો એ જ અંતિમ ઉપાય છે તેવું મંતવ્ય સેનાના નિવૃત્ત અધિકારીઓ અને રાજકીય પક્ષોનું છે. તો બીજી બાજુ અનેક લોકોએ સીઝ ફાયરને આવકાર્યું છે જે સારી વાત છે પોઝિટિવ વાત છે પરંતુ સામે પક્ષે ધોકેબાજ લોકો નેગેટિવ છે તે ગમે ત્યારે પીઠ પાછળ ઘા કરે છે માટે તેનો ખાતમો જ અંતિમ ઉપાય છે.

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે અમેરિકાએ પાકિસ્તાનના આર્મી ચીફ સાથે સીધી વાત કરી છે. અમેરિકાના વિદેશ મંત્રીએ અસીમ મુનીર સાથે વાત કરી છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે ગતિરોધ વધી રહ્યો છે અને બંને દેશો એકબીજા સામે આક્રમક વલણ અપનાવી રહ્યા છે. ભારત સતત પાકિસ્તાનને યોગ્ય જવાબ આપી રહ્યું છે. આવા સમયે, પાકિસ્તાનના આર્મી ચીફ સાથે અમેરિકાની સીધી વાતચીત ચર્ચાનો વિષય બની રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન તાજેતરમાં બહાર આવ્યું છે.અમેરિકાએ પાકિસ્તાન સાથે યુદ્ધ વિરામની વકીલાત કરી છે. તેનું કારણ એ છે કે અમેરિકન પ્રમુખને શાંતિ દૂત બનીને પ્રસિદ્ધિ મેળવવી છે. ટ્રેડ સેન્ટરનો હુમલો થયો ત્યારે અમેરિકાએ લાદેનને ઘરમાં ઘૂસીને તફડાવી દીધો. જગતના કોઈ દેશની શાંતિ અપીલ તેમણે સાંભળી નથી. તો ભારતે પણ શા માટે યુદ્ધ વિરામ નુ પગલું લેવું જોઈએ?. દુશ્મન લાગમાં આવ્યો છે તો એને પતાવી દેવો એ જ ધ્યેય હોવું જોઈએ.

પાકિસ્તાન પોતે જ આતંકવાદને સૌથી મોટું હબ છે તે આતંકવાદ સામે પગલાં લેવાનું સપના પણ વિચારી શકે નહીં આથી તેના વિશે અમેરિકાની સુફિયાણી સલાહ માનવાને બદલે હવે પછી જો જરા પણ યુદ્ધ વિરામનો ભંગ કરે તો ભારતે ફાઈટ ટુ ફિનિશનું વલણ અપનાવવું જોઈએ જેથી કરીને આ સમસ્યાનો કાયમી અંત આવી જાય અને પાકિસ્તાનના ચાર ટુકડા થઈ જાય. જયશંકરે કહ્યું કે ભારત પરિસ્થિતિને વધુ ખરાબ કરવાના પાકિસ્તાનના કોઈપણ પ્રયાસનો સખત વિરોધ કરશે. અને લશ્કરી પગલા પણ ભરી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMOs) ના સ્તરે વાતચીત બાદ યુદ્ધવિરામ પર સંમતિ સધાઈ હતી, જેના હેઠળ બંને પક્ષો તમામ પ્રકારની લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. આ મહત્વપૂર્ણ કરારની શરૂઆત અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી, જેમણે સૌપ્રથમ દાવો કર્યો હતો કે બંને દેશો યુદ્ધવિરામ (Ceasefire) પર સંમત થયા છે. બ્રિટન, જર્મની, સાઉદી અરેબિયા અને યુરોપિયન યુનિયન સહિત ઘણા દેશોએ તેનું સ્વાગત કર્યું છે. ભારત પાકિસ્તાન યુદ્ધવિરામ કરાર પર વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે કહ્યું, ''અમે તેનું સ્વાગત કરીએ છીએ. યુદ્ધવિરામ થવો જોઈતો હતો કારણ કે સામાન્ય લોકો નિર્દોષ છે અને માર્યા જાય છે, પરંતુ પાકિસ્તાને સમજવું જોઈએ કે આ પાછળનું કારણ શું હતું, આપણા ૨૬ નાગરિકોને નિર્દયતાથી માર્યા ગયા તે છે. યુદ્ધવિરામ થયો તે સારી વાત છે પરંતુ ભવિષ્યમાં આવી ઘટના ન બનવી જોઈએ.'' યુદ્ધ વિરામ થયો હોવા છતાં હવે પછી પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારની હરકત કરવામાં આવશે તો તેને ભારત સામેનું યુદ્ધ માની સખત લશ્કરી પગલા લેવામાં આવશે એવો વિકલ્પ ભારતે ખુલ્લો રાખ્યો છે અને પાકિસ્તાનને તેને માન્ય રાખ્યો છે તે સારી વાત છે.

ભોજલરામ : સાચા રે સંતપણા કીધાં જેણે...!

''શિષ્ય કીધાં બે જેમણે, વાલમ ને જલિયાણ,
સાચા કીધાં ગુરૂપણા, ભલો ઇ ભોજલરામ.''

સૌરાષ્ટ્રની ભૂમિએ આ જગતને અનેક સંતો આપ્યા છે. એક રીતે કહીએ તો સૌરાષ્ટ્રની ભૂમિ સંતોનું પિયર છે. અહીંથી આપણને સંત પરંપરાનો લાંબો ઈતિહાસ સાંપડે છે. અહીંના સંતોએ પોતાના સંતત્વ થકી સમાજને સુધારવા માટે જીવનભર અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી છે. સંતો દ્વારા થતી ધર્મ અને અધ્યાત્મની પ્રવૃત્તિ અને સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિની આ પ્રદેશમાં સમાજજીવન પર બહુ મોટી અને સકારાત્મક અસરો પડી છે. સદાવ્રતોની સેવા સૌરાષ્ટ્ર પ્રદેશની ખાસ વિશેષતા રહી છે. આ બધું અહીંના સંતોને આભારી છે. અનેક સંતોએ ઉપદેશ દ્વારા સમાજને સુધારવાનું કાર્ય કર્યું છે. કોઈ સંતે વળી પોતાના જીવનકવનથી સમાજ સુધારાનું બહુમૂલ્ય કામ કર્યું છે તો કોઈ સંતે ભજનો કે પદો રચીને કે ગાઈને સામાજિક વ્યવસ્થામાં પ્રસરી ગયેલી બદીને દૂર કરવાના પ્રયત્નો કર્યા છે. અનેક સંતોએ દીનદુઃખિયાની સેવા થકી પોતાની સુવાસ ફેલાવી છે.

સંતોની પવિત્ર શ્રેણીમાં આવું જ કોઈ આદરપાત્ર નામ લેવું હોય તો તે છે સંત ભોજલરામ. ભોજાભગતના નામથી જાણીતા આ મહાન સંતે પોતાના સંતત્વથી અને ઉત્તમ શિષ્યો થકી સમાજજીવન માટે બહુ મોટું કામ કર્યું છે. પોતાના ભજનો-પદો (ચાબખા) થકી ભોજલરામે સમાજ સુધારણાનું યુગદર્શી- દુરોગામી કાર્ય કરી સમાજજીવન પર પોતાની આગવી, અમીટ છાપ છોડી છે. ભોજલરામે પોતાના કટાક્ષ મિશ્રિત બોધથી લોકોને જાગૃત કરવાનું બહુ મોટું કાર્ય કર્યું છે.



ભોજલરામનો જન્મ સૌરાષ્ટ્રમાં જેતપુર પાસેના દેવકીગાલોળ ગામમાં થયો હતો. ભોજલરામની જન્મતિથિ ચોક્કસ રીતે દર્શાવી શકાય તેમ નથી. પણ, એમની જન્મજયંતી વૈશાખી પૂર્ણિમાના રોજ ઉજવવામાં આવે છે. એથી એમ સમજી શકાય કે એમનો જન્મ વૈશાખી પૂર્ણિમાનાં રોજ થયો હશે. એ સમય રાજાશાહીનો હતો. રાજાશાહીના સમયે ખેડૂતો એક ઠેકાણેથી બીજા ઠેકાણે ખેતી કરવા જતા હતા. સ્થળાંતરના એ કાળમાં ''જ્યાં ગાજે ત્યાં ગરાસ'' એ કહેવત પ્રમાણે જ્યાં સારો વરસાદ થયો હોય, ત્યાં જઈને ખેડૂત વસતા. રાજ એને આશરો આપતું. આવા જ કોઈ કારણસર ભગતનું કુટુંબ દેવકીગાલોળથી નીકળી વડોદરા સ્ટેટનાં અમરેલીથી આઠ દસ કિમી દૂર ચક્કરગઢ ગામે આવેલું. અહીં ભગતના માસિયાઈ નારણબાપા ધોરાજિયા રહેતા હતા. ભગત ત્યાં થોડું રોકાયા. ભગતને કોઈ શાંત સ્થળે રોકાઈને ભક્તિ કરવી હતી એટલે થોડાં રોકાણ બાદ ભગત અમરેલીથી દક્ષિણે ૬ કિમી દૂર આવેલા ટીંબે ઉતારા કરે છે. આ ટીંબા પર કોઈ રહેતું નહી, કેમ કે લોકો માનતા હતા કે ટીંબા ઉપર ભૂત થાય છે. આ વાત ભોજા ભગતે જાણી એટલે લોકોનાં આ વહેમને દૂર કરવા તેઓ આ સ્થળે આશ્રમ બાંધી રોકાઈ ગયા. આ ટીંબો એટલે અમરેલી પાસેનું ફતેપુર ગામ. ભગતે અહીં ભક્તિની હેલી વહાવી. અહીં જેમ જેમ ભક્તિના સૂર રેલાતા ગયા એમ એમ લોકો આવવા લાગ્યા. વહેમી લોકોનો વહેમ દૂર થયો. વહેમ ઉપર ભગતે ફતેહ મેળવી એટલે પછીથી ગામનું નામ ફતેપુર પડ્યું. કોઈ કહે છે કે બાપાએ વહેમ ઉપર ફતેહ કરી છે, તો કોઈ કહેતું કે ભૂત પર ફતેહ મેળવી છે. સમય જતા ધીમે ધીમે લોકો અહીંયા આવીને વસ્યા એટલે અહીં ફતેપુર નામે ગામ વસ્યું. જેને લોકો આજે તીર્થધામ 'ભોજલધામ' તરીકે પણ ઓળખે છે. ભોજલરામે પછી તો ફતેપુરને પોતાની કર્મભૂમિ જ બનાવી દીધું.

પિતા કરસનભગત અને માતા ગંગાબાઈની કૂખે જન્મેલ ભોજલરામના અમર સંતત્વનો ખ્યાલ આપણને એમના પાવન શિષ્યોનું નામ લેતા જ ખબર પડી જાય છે. ગારિયાધારમાં થઈ ગયેલ વાલમરામ બાપુ અને વીરપુરમાં થઈ ગયેલ જલારામબાપુ જેવા સમર્થ સંતોના ગુરૂ હોવું; એ જ બતાવે છે કે, ભોજલરામ કેવડા મોટા અને સમર્થ સંત હશે ! એક વાર તો એવું બનેલું કે, ફતેપુરમાં મોટો મેળો ભરાયેલો. જેમાં સેંકડો ભક્તો અને સંતો પધારેલા. જેમને જમાડવાની જવાબદારી શિષ્ય જલારામના માથે હતી. નાની ઉંમરનાં શિષ્ય જલારામને વારંવાર શંકા જતી કે રસોઈ ખૂટી પડશે તો ? એટલે તેઓ વારે વારે ગુરૂ ભોજલરામ બાપાને પૂછવા જતા કે, બાપા ! મને લાગે છે કે, રસોઈ ખૂટી પડવાની. હવે હું શું કરું ? એટલે બાપાએ રમૂજમાં કીધેલું કે 'જા પાટમાં પડય' ને સાચે જ જલારામ બાપા આખી રાત પાણીની પાટ્યામાં ઊભા રહેલા. સવારે ભોજલરામને ખબર પડી તો તેઓ જલારામ બાપાને બોલાવી ને ભેટી પડેલા. કેવી અજોડ ગુરૂભક્તિ... કેવો અજોડ શિષ્યપ્રેમ...!

પ્રાસંગિક



ડો. રવજી ગાભાણી

ભોજલરામ લેઉઆ પટેલ જ્ઞાતિમાં સાવલિયા અટકધારી પરિવારમાં જન્મ્યા હતા. એવું કહેવાય છે કે, એમણે બાર વર્ષની વય થઈ ત્યાં સુધી ભોજન લીધું ન હોતું. માત્ર દૂધ પર રહેવાના કારણે નાનકડા ભોજલરામને એ સમયે લોકો 'દુધાધારી બાલયોગી' કહેતા હતા. કોઈ વળી કહે છે કે, ગિરનારથી આવેલા રામેતવન નામના કોઈ અતીત યોગીના આશીર્વાદથી 'કુંડલિની શક્તિ' જાગૃત થતા ભોજલરામ ગુરૂકૃપાએ મહાન સંત બની શક્યા હતા. ભોજલરામે આત્મકલ્યાણ અર્થે લખેલા પદો ઈતિહાસમાં 'ચાબખા' તરીકે મશહૂર થયા છે. અમરેલીના દિવાન વિઠ્ઠલરાવની કસોટીમાંથી પાર ઉતરનાર ભોજલરામે દિવાનને સંભળાવેલા ૧૫૦ પદો ગુજરાતી સાહિત્યમાં 'ચાબખા' નામથી ખૂબ જ જાણીતા બન્યા છે. આ તમામ પદો મૌલિક તો છે જ, પણ સાથે માર્મિક પણ છે. સમાજમાં વ્યાપ્ત પાખંડો, ધર્મની અંધતા, વહેમ અને રૂઢિઓ તથા જડતા ઉપર તીખો ઘા કરવા માટે વેધક ભાષામાં ભોજલરામે ચાબખાની રચના કરી હતી. તળપદા શબ્દોવાળી, ગ્રામિણ છતાં મનને ગમે એવી માર્મિક વાણી ભોજલરામના 'ચાબખા'ની વિશેષતા ગણાય છે.

'દેશી સંત તણી લાવી રે, ભેળા ફરે બાવોને બાવી રે.
મોટા કપાળે ટીલા કરે ને વળી ટોપી ખટકાવી રે,
કંઠોને ખલતો માળા ગળામાં, કાને મુદ્રા લટકાવી રે.
સંત સેવામાં સુખ ઘણું ને, કરે સેવા મનભાવી રે,
તન, મન, ધન સોંપો એ સંતને, પ્રીતિયો લગાવી રે.
એવું ને એવું જ્ઞાન દિયે, બહુ હેતે બોલાવી રે ,
ભોજા ભગત કહે રાખ્યા ચાહુમાં, ભેખે ભરમાવી રે.'

નકલી બાવા અને નકલી ભક્તોની ભરમાર વિશે ભોજા ભગતની આ અવળવાણી ભારે ઘા કરે છે.બની બેઠેલા સંતો વિશે ભોજા ભગત સમાજને આ પદ થકી સતેજ કરે છે.

જોઈ લો જગતમાં બાવા રે, ધર્યા ભેખ ધૂતી ને ખાવા રે ,
જ્યાં પ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત નિત નાવા રે,
રાંડી છાંડી નારનો નર ઘર ન હોય ત્યારે, બાવોજી બેસે ગાવા રે.'
'ભરમાવી દુનિયા ભોળી રે, બાવો ચાલ્યો ભભૂત ચોળી રે,
ભોજા ભગત કહે ભવસાગરમાં બાવે માર્યા બોળી રે !'
'મૂરખો રળી રળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો રે,
ભર્યા કોઠાર તારા ભર્યા રહેશે, નહીં આવે સાથે દાણો રે,
મસાણની રાખમાં રોલયા કંઇક, કોણ રંકને કોણ રાણો રે,
'મંદિર માળિયા મેલી કરીને, નીચે જઈ ઠેરાણો રે,
ભોજા ભગત કહે મૂઆ પૂંઠે, જીવ ઘણો ઘણો પસ્તાણો રે.'

જેવા અનેક પદોમાં આત્મજ્ઞાની ભોજા ભગતે પાખંડોને ઉઘાડા પાડયા છે. ભોજા ભગતે ચાબખા દ્વારા પાખંડીઓની ખાલ ઉતારી છે.'કીડી બીચારી કીડલી ને કીડીના લગનિયા લેવાય.. હાલોને કીડીબાઈની જાનમાં.' જેવા તત્વજ્ઞાનની ગૂઢ વાણીવાળા અમરપદ દ્વારા ભોજા ભગતે અધ્યાત્મની નવી ઊંચાઈ સર કરી હતી. 'પ્રાણિયા ભજી લે ને કિરતાર..'ના ગાનાર ભોજા ભગતની ઓરડીમાં આજે પણ ફતેપુર ખાતે એના સ્મૃતિચિહ્નોને સાચવીને રાખવામાં આવ્યાં છે. એમની ચરણપાદૂકાની આજે નિત્ય પૂજા કરવામાં આવે છે. સને ૧૮૫૦માં ભોજાભગતે શિષ્ય જલારામને આપેલ વચન પ્રમાણે વીરપુરમાં દેહત્યાગ કર્યો હતો.

"બદલતા મોસમ, બદલતા માનવ" બદલાતા હાલ, હાલત અને હવામાન!



હમણાં કેટલાક દિવસથી હવામાનમાં અચાનક બદલાવ આવ્યો છે. ભર ઉનાળે ધોમધખતા તાપ અને કાળજાળ ગરમીને બદલે ઠંડા પવનના સૂસવાટા સાથે ગાજવીજ અને મુશળધાર વરસાદ જોવા મળે છે. હા આમ તો એને આપણે કમોસમી વરસાદ કે માવઠું કહીએ છીએ પરંતુ માવઠું તો એકાદ દિવસ વરસીને જતું રહે જ્યારે આ તો અઠવાડિયાથી રોજનો ક્રમ બની ગયો છે. ઉનાળાને બદલે ચોમાસુ અને શિયાળાની ઋતુનો અનુભવ થવા લાગે એવો વાતાવરણમાં ફેરફાર થયો છે. આવું કેટલા દિવસ ચાલશે એ તો અંબાલાલ જ બતાવી શકે પણ લાંબુ ચાલ્યું છે એ આપણે અનુભવી શકીએ છીએ. હમણાં કેટલાક વર્ષોથી વાતાવરણની પેટર્ન બદલાઈ ગઈ છે. આમ જોવા જઈએ તો ટૂંકા ગાળાના નુકસાન સાથે લાંબા ગાળાનો ફાયદો પણ થતો હોય છે. ખેર, કુદરતની કરામત છે બધી પણ આપણે એમાં માનવીય કારણો જોડતા હોઈએ. ઋતુ વિના જે કંઈ બને એ બધું કમોસમી જ ગણાય એ માન્યતામાંથી હવે બહાર આવીને બદલાતા હવામાનની સાથે આપણે અનુકૂળ થતાં શીખવું પડશે. કેમકે એકાદ વર્ષ આવું બને તો આકસ્મિક ગણાય પણ દર વર્ષે આવા ફેરફાર જોવા મળે તો એમ જ માની લેવું પડે કે હવે આપણું નિયમિત હવામાન આવું જ રહેવાનું છે અને એ મુજબનું આયોજન વિચારી રાખવું પડે.

માત્ર હવામાન બદલાયું છે એવું નથી પણ માણસના સ્વભાવ પણ બદલાયા છે. આપણા હાલ અને હાલાત બદલાય તો એની સાથે આપણા વિચાર અને વર્તન પણ બદલાઈ જતાં હોય છે જેનો આપણને ખ્યાલ પણ હોતો નથી. આ બધી ક્રમિક, ધીમી અને જટિલ પ્રક્રિયા છે. જેમ વૃક્ષ કે વનસ્પતિના છોડમાં કે માણસના શરીરમાં, દિવસ રાત થતી વૃદ્ધિની કે ફેરફારની પ્રક્રિયા જોઈ શકાતી નથી પણ પરિણામ નજરે નિહાળી શકાય છે તેમ બદલાવ દેખાય નહિ પણ અનુભવી શકાય છે. હમણાં હમણાં બનેલી કેટલીક સામાજિક, રાજકીય ઘટનાઓની ચર્ચા સોશિયલ મીડિયાથી લઈને ઓટલા બેઠકમાં જોરશોરથી ચાલતી હતી. એવામાં, વાતાવરણમાં પલટો આવ્યો. હવામાન બદલાયું સાથે હાલાત બદલાયા. માનસિક વિકૃત અને ક્રૂર વ્યક્તિઓ દ્વારા કાશ્મીરમાં આતંકવાદી હુમલો થયો, ચોક્કસ ધર્મના માત્ર પુરુષોને ટાર્ગેટ કરીને કેટલાક નિર્દોષ લોકોની બેરહેમીથી હત્યા કરવામાં આવી, કેટલાય પરિવારો આધાર વિનાના થઈ ગયા. દેશ આખામાં દરેક વ્યક્તિના વિચાર અને વર્તનમાં એક ચોક્કસ દિશાનું આમૂલ પરિવર્તન આવ્યું.દેશપ્રેમ, દેશદાઝ અને દેશની રક્ષા માટે સૌની એક જ માંગ ઉઠી કે ઉત્ક્રાંતિ માટે ક્રાંતિ જરૂરી છે. સરકારમાં બેઠેલા શાસકો પણ અંતે તો પ્રજા માંહ્યલા જ પ્રતિનિધિઓ છે એટલે એમના મન અને મગજમાં પણ લોકોની જેમ જ બદલાવ આવ્યો. વર્ષોથી વારંવારની અવળચંડાઈ સહન કરતા કરતા'ય અંતે તો એકતરફી નુકસાની ભોગવવાની નોબત આવતી હોય ત્યારે આપણા સિદ્ધાંતો અને માન્યતાઓમાં સમયસર બદલાવ લાવવો ખૂબ જરૂરી હોય છે, નહિંતર આપણી સજ્જનતાને કાયરતા ગણવામાં આવે છે. એટલે તો ઈંટનો જવાબ પથ્થરથી આપવા માટે ''હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'' એ શાસ્ત્રના મંત્રને આપણા આધુનિક શસ્ત્રોના સથવારે એરસ્ટ્રાઈક કરીને આપણા જાંબાઝ જવાનોએ એ રાક્ષસોને અને એના ઠેકાણાઓને ઘડીના છઠ્ઠા ભાગમાં નેસ્તનાબુદ કરી દીધા. આ બધું હું ને તમે પરિવાર સાથે આપણા ઘરે શાંતિથી ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે અડધી રાતે આપણા જવાનોએ જાનની બાજી લગાવીને દુશ્મનોના ઘરમાં ઘૂસીને મારીને સહીસલામત પરત આવીને સવારે આખા દેશને ગર્વ થાય એવા સમચાર આપ્યા ત્યારે દરેક ભારતીયના દિલમાં આ નરબંકાઓ પ્રત્યે નમનની લાગણી છલકાવા લાગી. આવા સમયે બદલાતા હાલ અને હાલતની સાથે દરેકના વિચાર, વર્તન અને અભિગમમાં પણ આમૂલ પરિવર્તન આવે છે. પક્ષા-પક્ષીના અને નાત-જાતના ભેદ અને નાની-મોટી આપણી ઘટનાઓ ભૂલીને રાષ્ટ્રહિત માટે સૌ એક છીએ એવો ભાવ જાગે છે અને દેશની રક્ષા માટે, આપણી કાયમી સલામતી માટે સરકાર અને સુરક્ષાકર્મીઓને તન, મન અને ધનથી સપોર્ટ કરવા માટે સૌ તત્પર બનીએ. આપણે સૌ જાણીએ છીએ કે આજે જે યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ છે તે કેટલી ચાલે એ નક્કી ન કહેવાય. દુશ્મન નબળો હોય તોય એને કમજોર ના સમજાય. ત્યારે સેનાની ત્રણેય પાંખ સરહદોની સુરક્ષા કરે છે અને સાથે આંતરિક સુરક્ષા માટે ગૃહ વિભાગ સજ્જ છે. નાગરિકો તરીકે આપણે હક ભોગવીએ છીએ એની સાથે આપણે કેટલીક સાચી ફરજો બજાવવાનો આ સમય છે. જેમકે સરકારી ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવું, ખોટી અફવાઓ ફેલાવવી નહિ કે ખોટી અફવાઓથી ડરવું જે દોરાવું નહિ. રાષ્ટ્રના ભલા માટે આપણી કેટલીક અંગત સુખ સગવડતાઓનો ત્યાગ કરવાની માનસિક તૈયારી રાખવી. આ માટે બ્લેકઆઉટ અને લોકડાઉન જેવા આદેશોનું ચુસ્ત પાલન કરવું. બિનજરૂરી હરવા ફરવાના તમામ આયોજનો કેન્સલ કરીને પ્રશાસનની કામગીરી અને જવાબદારીઓનો વધુમાં વધુ ઉપયોગ રાષ્ટ્રીય ફરજમાં થઈ શકે એવો સહકાર આપવો. ચીજ વસ્તુઓની ખોટી સંગ્રહખોરી ના કરવી. દેશ સુરક્ષિત હશે તો જ પરિવાર સુરક્ષિત રહી શકશે માટે અત્યારે પહેલા દેશહિત અને પછી પરિવાર હિતની ભાવના સાથે બદલાતા સમય અને દેશની હાલત સાથે હાલ આપણે પણ આપણા વિચાર, વાણી અને વર્તનમાં રાષ્ટ્રપ્રેમ, દેશદાઝ સાથે આપણાંથી થતા તમામ પ્રયત્નો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સેના અને સરકારને ઉપયોગી થવાના કરીએ એ જ સાચી દેશભક્તિ છે. અંતમાં મેઘાણીજીની પંક્તિઓની સૌને યાદ: ''નથી ખબર અમારે પંથ શી આફત પડી છે, ખબર છે એટલી કે મા ભોમની હાકલ પડી છે.''

મનન ચિંતન
ભરત બાવીશી

કામ એવુ કરો કે ઈશ્વરના દરબારમાં હસતા મુખે ઉભુ રહી શકાય





વર્તમાન સમયમાં દેશ યુધ્ધ જેવી પરિસ્થિતીમાંથી પસાર થઈ રહ્યો છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આંતકવાદ ખત્મ કરવાનો નિર્ધાર અને દેશના સુરક્ષા જવાનોની મા ભોમ માટે લડવાની તાકતથી આપણે સૌ સુરક્ષીત છીએ. એક તરફ દેશનો જવાન લડી રહ્યો છે. બીજી તરફ રાજયમાં કમોસમી વરસાદ ''માવઠા''થી રાજયનો ધરતીપુત્ર નુકસાનીનો માર સહન કરી રહ્યો છે. આ પરિસ્થિતીઓ વચ્ચે પણ કાળા માથાનાં માનવીની સેવાની સુવાસ હંમેશા જોવા મળતી હોય છે. જુનાગઢ જિલ્લાનાં કેશોદ તાલુકાના ટીંટોડી ગામના પપ વર્ષીય ભરતભાઈ ભીમાભાઈ નસીત અને તેમના ધર્મપત્ની નિતાબેન ભરતભાઈ નસીત સાવ સામાન્ય પરિવાર છે. વળી ભરતભાઈ કહે છે કે, સફેદ એટલુ દુધ નહિ અને પિળુ એટલુ સોનું નહિ કૃષિ વિજ્ઞાનક્ષેત્રે આધુનિકરણ અને હરીયાણી કાંતિના પરિણામો દ્વારા આપણા દેશમાં હાઈબ્રિડજાતો, શંકરજાતો તેમજ અત્યારની જી.એમ. જાતોના વાવેતરથી ઉત્પાદનો વધ્યા છે. પણ મૂળ સ્વાદ, સુંગંધ અને ન્યુટ્રીશ્યન વેલ્યુ ધરાવતી દેશી જાતો લુપ્ત થઈ રહી છે. હાઈબ્રિડ જાતો ઉત્પાદન આપી શકે રંગ-રૂપે રૂપાળી હોય પણ સ્વાદ અને ન્યુટ્રીશ્યન ન હોય.

દેશી પરંપરાગત જાતો ઝડપથી લુપ્ત થતી જાય છે. ત્યારે દેશી જાતોનું મહત્વ તેની આગવી ઓળખ અને વિશેષતાઓ ઘણી બધી હોય છે. ભરતભાઈ દેશમાં ખેતી અને ગ્રામીણ ક્ષેત્રે કામ કરતી સૃષ્ટી સંસ્થાનાં માધ્યમથી એકગામથી બીજાગામ અનેક પદયાત્રામાં જોડાયેલા છે. તેમજ દેશના ૨૬ રાજયોનો કૃષિક્ષેત્ર માટે પ્રવાસ પણ કર્યો છે. મે હસતા-હસતા ભરતભાઈ કહ્યુ તમે એલ.એલ.બી. નો અભ્યાસ કર્યો છે. આજે ખેતીમાં સરકારી બાબુઓથી લઈને ખેડૂતોના સંતાનોને રસ રહ્યો નથી. આજે નકલી અને ભેળસેળની દુનિયા શોખીન બનતી જાય છે. તો તમે શું કામ આ મહેનત કરો છો. ત્યારે હસીને જવાબ આપ્યો. ઈશ્વરના દરબારમાં આપણે ઉભા હોઈએ તો માથુ શરમથી ઝુકવુ ના જોઈએ. કંઈક સારૂ કરવુ છે. ખરાબ કરીશુ તો આપણે તો ભોગવવું પડશે પણ આપણી પેઢીઓને પણ ભોગવવું પડશે.

ભરતભાઈ પાસે શાકભાજીનાં ટમેટી, રીંગણા, તુરીયા, વાલ, ચોળી, ગલકા, તુરીયા, ભીંડા, દુધી જેવી ૧૦૦ જેટલી દેશી વેરાયટીઓનાં બિયારણો છે. ઉપરાંત આયુર્વેદિક અષોધિઓ અને ખેડૂતોના ખેતરના શેઢે - પાળે ભૂતકાળમાં ઉગતી અનેક વનસ્પતિઓ જે હાલ જંતુનાશક દવાઓ અને શેઢા-પાળા સળગાવવાની ખેડૂતોની દાનતથી નાશ પામી તેવી અનેક વેરાયટી ભરતભાઈ પાસે છે. આજે હાઈબ્રિડ બિયારણો માણસ જેવા છે. રંગ-રૂપ નિખારવા ગમે છે. પણ એ આર્ટીફીશ્યલ હોય છે. તેમ હાઈબ્રિડ બિયારણો ઉત્પાદન અને રંગરૂપે સારા લાગે પણ સ્વાદ હોતો નથી. નવી પેઢીને ખાવા સાથે મતલબ છે. તેના સ્વાદ, સુંગંધ અને ન્યુટ્રીશ્યન વેલ્યુની માહિતી નથી. ભરતભાઈ આ દેશી બિયારણો વ્યાજબી ભાવથી લોકોને આપે છે. **ભરતભાઈ નસીતનો સંપર્ક નં. ૯૪૨૬૪ ૪૩૩૪૧ છે.**



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

તિખારો

એક બોલપેન ભૂલ કરી શકે છે. પણ પેન્સીલ ક્યારેય ભૂલ કરતી નથી. કેમ જાણો છો? કારણ કે પેન્સીલ સાથે તેનો મિત્ર રબ્બર છે. પેન્સીલ ભૂલ કરેતો રબ્બર ભૂષી નાખે પણ જીંદગીમાં સાચો રસ્તો અને માર્ગદર્શન આપે તેવા કઠવા પણ સાચા મિત્રો રબ્બર જેવા રાખજો. તો બરબાદી નહિ આવે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

તલ :

હાલનું વાતાવરણ જોતા આ ઈયળ આવવાની શક્યતા છે.


તલના ઉભડાને શક્ય હોય તો વરસાદથી બચાવજો ટૂંકા ગાળે ખેરી લેવા.

માથા બાંધનારી ઇયળ :

● પ્રકાશ પીંજર ગોઠવવાથી પાન વાળનાર ઈયળના ફુદાની વસ્તી કાબુમાં રહે છે.

● બ્યુવેરીયા બેસિયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી જીવાતના ઉપદ્રવની શરૂઆતમાં છંટકાવ કરવો.

● ડાયકલોરવોસ ૭૬ ઈસી ૭ મિ.લિ. અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.



● કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મેળવી છંટકાવ કરવો. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા બ્યુવેરીયા બેસીયાના કે લેકાની સીલીયમ લેકાની નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીટામિપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ડાયફેન્થ્યૂરોન ૫૦ વેપા ૧૦ ગ્રામ લિટર પાણીમાં મિશ્રત કરી છંટકાવ કરવો. એસિટામિપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા એસિફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિશ્રિત કરી છંટકાવ કરવો.

મગફળી:

● આગોતરા વાવેતર માટે જમીનમાં ઢાળ હોય તો ઢાળની વિરુદ્ધ દિશામાં વાવેતર કરવું.

કપાસ:

● તમારા વિસ્તારમાં જે જાત સારું ઉત્પાદન આપતી હોય તે જાતનું બિયારણ ચોમાસા પહેલા મેળવી લેવું.

● કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

બાજરી : લીલી ઇયળ

● આ જીવાતનું કુદરતમાં પક્ષીઓથી ભક્ષણ થતા વસ્તી કાબુમાં રહેતી હોય છે.

● બાજરા સાથે મગ ૨ : ૧ ના પ્રમાણમાં આંતર પાક લેવાથી લીલી ઈયળના ઉપદ્રવમાં ઘટાડો કરી શકાય છે.

● ફેરોમોન ટ્રેપ ગોઠવવા અને શક્ય હોય તો પ્રકાશ પિંજરનો ઉપયોગ કરવો.

● આ જીવાતોનો ઉપદ્રવ વધતો જણાય ત્યારે ફેનવાલરેટ ૨૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લિ. અથવા સાયપરમેથ્રીન ૧૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી ૧૦ મિ.લિ. એમામેકિટનબેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ અથવા લેમડાસાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

જુવાર:

● ઉનાળું ઘાસચારાની જુવારમાં દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

શાકભાજી:

● ધરું ઉગ્યા પછી કોપર ઓક્સિકલોરાઈડ ૫૦ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા મેટારીઝીયમ-એમ.ઝેડ ૭૨ ટકા ડબલ્યુ.પી. (૧૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ) પ્રમાણે કોઈ પણ એક દ્રાવણ એક ચોરસમીટર દીઠ ત્રણ લિટર પ્રમાણે ઝારાથી નીતારવાથી (ડ્રેન્ચિંગ) જમીનજન્ય ફૂગ સામે ધરુંવાડિયાને રક્ષણ મળે છે.

● મરચીમાં તંદુરસ્ત ધરું ઉછેરવા ધરૂવાડિયાની જમીનમાં ઉનાળામાં સોઈલ સોલરાઈઝેશન અથવા રાબીંગ કરવું.



● રીંગણી, મરચી, ટામેટી, કોબીઝ / ફલાવર, તમાકુ : ધરૂ મૃત્યુ / ધરૂનો કોહવારો માટે બીજને વાવતાં પહેલા થાયરમ ૭૫ ટકા એસ.ડી., કે મેટાલેકઝીલ-એમ.ઝેડ. ૭૨ ટકા ડબલ્યુ.પી. જેવી ફૂગનાશકનો એક કિ.ગ્રા. બીજદીઠ ૩ ગ્રામ મુજબ બીજ માવજત આપી વાવેતર કરવું.

બાગાયત:

● કેળમાં સીગાટોકા પાનના ત્રાકિયા ટપકાંનાં રોગનાં નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી રોગની તીવ્રતા પ્રમાણે એક ચમચી સ્ટિકર ઉમેરવું ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા.

● અપરિપકવ દાડમનાં ફળ ફાટી જતાં અટકાવવા નિયમિત પિયત આપવું તથા થડેથી પીલા દૂર કરવા.

● કેળ પાકમાંથી રોપણીના એક મહિના બાદ ૫૦૦ મિ.લિ. ૦.૫% ટ્રાયકોડર્મા અને સ્યુડોમોનાસનું દ્રાવણ રેડવું.

● ખરી પડેલ કેરીના ફળો વીણી બહાર ખાડો દાટી દેવા.

● ફળમાખીના નિયંત્રણ માટે ફળમાખી પિંજર હેક્ટર દીઠ ૧૦ મુકવા.

● આંબાના ઝાડ ઉપરથી સાંખે પડે પછી જ ડેરી ઉતારવાની શરૂઆત કરવી.

● ચીકુમાં કળી કોરી ખાનાર ઇયળ માટે ૨૦ દિવસના અંતરે ડાયકલોરવોસ ૭૬ ઈસી ૫ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૪૦ ટકા + સાયપરમેથ્રીન ૪ ટકા (૪૪ ઈસી) ૧૦ મિ.લિ. અથવા લેમડાસાઈહેલોથ્રીન ૨.૫ ઈસી ૧૦ મિ.લિ. અથવા ક્લોપાયરીફોસ ૫૦ ટકા + સાયપરમેથ્રીન ૫ ટકા (૫૫ ઈસી) ૧૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૦.૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા બેસીલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાઉડર ૧૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● શેરડીના જુદા જુદા વેધકોનું જૈવિક નિયત્રણ કરવા પરજીવી ટ્રાઈકોડર્મા ભમરીનો ઉપયોગ કરવો. દરિયાઈ વિસ્તારમાં સામાન્ય રીતે ભૂગર્ભ જળ હલકી ગુણવત્તાનું જોવા મળે છે અને મર્યાદિત પણ હોય છે. આથી આ મર્યાદિત અને હલકી ગુણવત્તા વાળા ભૂગર્ભ જળનો ઉપયોગ માઈક્રોટ્યુબ ટપક પધ્ધતિ અપનાવીને પ્લાસ્ટિક કે સેન્દ્રીય આવરણ (માલ્ચ) નો ઉપયોગ કરવો.

● શેરડીના ફૂદફૂદીયા (પાયરીલા) કીટકના શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ ઝરે છે જેના પરિણામે પાન ઉપર ફુગની વૃધ્ધિ થાય છે. તે માટે ડાયમીથોએટ ૩૦ ઈસી ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. અથવા ફેની ટ્રથીઓન ૫૦ ઈસી ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. ભેળવી છંટકાવ કરવો.

જમીનનું પૃથ્થકરણ જરૂરી છે :

૧) જમીનની ફળદ્રુપતાની કથા જેવી કે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ તત્વોનું પ્રમાણ જાણી શકાય છે.

૨) જમીનમાં રહેલ દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ જાણી તે પ્રમાણે પાક અને તેની જાતની પસંદગી કરી શકાય છે.

૩) જમીનનો અમ્લતા આંક જાણી શકાય છે.



૪) જમીનની ભૌતિક સ્થિતિ જાણી તેને સુધારણાનાં ઉપાય કરી શકાય છે.

૫) જમીન પૃથ્થકરણના આધારે પાક આયોજન કરી શકાય છે.

૬) ખાતરોનું સમતોલ પણું જાળવી શકાય છે.

૭) જમીનની ભાસ્મિકતાનું પ્રમાણ અને તેને સુધારવા માટે જીપ્સમનું પ્રમાણ જાણી શકાય છે.

૮) જમીનના જુદા જુદા તત્વોનું પ્રમાણ જાણી શકાય છે.

૯) જમીનમાં સેન્દ્રિય કાર્બનનું મહત્વ જાણી શકાય છે.

૧૦) પાકને ખાતરોની જરૂરીયાત નકકી કરી કેટલા પ્રમાણમાં આપવા તે જાણી શકાય છે.

૧૧) જમીનનું બંધારણ, નિતારશક્તિ, ભેજ સંગ્રહશક્તિ જેવા જમીનના ભૌતીક ગુણધર્મો જાણી શકાય છે.

૧૨) ઓછા ઉત્પાદનનું કારણ જાણી શકાય છે.

૧૩) જમીનનાં પૃથ્થકરણનાં અવલોકન માત્રાથી જમીનની ઉત્પાદકતાનો ખ્યાલ આવે છે.

૧૪) ખાતરની ભલામણ ઉપરાંત ખાતરની પસંદગી, ખાતર આપવાનો સમય અને રીત નકકી થઈ શકે છે.

એટલે પાક વાવેતર પહેલા જમીનની ચકાસણી કરાવી લેવી જોઈએ.

ખાતર:

● ખેતી ખર્ચના ઘટાડા માટે શૂન્ય ખેડ અથવા ઓછી ખેડની પદ્ધતિ અપનાવવી જરૂરી છે.

● ખેતીમાં ઓછી ખર્ચાળ પદ્ધતિઓ જેવી કે ખેતરના સેન્દ્રિય કચરાનો ફેર ઉપયોગ કરવો, લીલો પડવાશ કરવો અને ઓછા ખર્ચવાળા બાયો ઈનપુટ જેવા કે જૈવિક ખાતર, અળસિયાનું ખાતર તેમજ સેન્દ્રિય કચરાને કોહવામાં મદદરૂપ બેક્ટેરિયાનો ઉપયોગ કરવો જેનાથી ૨૫ થી ૫૦% સુધી ખેતી ખર્ચ ઘટે અને ૧૦ થી ૨૦% જટલો ઉત્પાદનમાં વધારો થાય છે.

● ખેતરમાં સૂક્ષ્મતત્વો યુક્ત જૈવિક ખાતરોની વારંવાર બીજ માવજત અથવા છોડ પર છટકાંવ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે અને ખર્ચમાં ઘટાડો થાય છે.

● સલ્ફરની ખામીવાળી જમીનમાં હેકટર દીઠ ૨૦ થી ૪૦ કિલોગ્રામ સલ્ફર વાપરતાં તેલીબિયાં અને કઠોળના પાકની ઉપજ ૧૫ થી ૨૦% વધુ થાય છે.

● ટપક પદ્ધતિ હેઠળ ફર્ટિગેશન, ટાંકી દ્વારા પાણીમાં ઓગાળી શકે તેવા અથવા પ્રવાહી ખાતર આપવાથી ઉત્પાદન વધે છે અને રાસાયણિક ખાતરનો વપરાશ ખૂબ જ ઘટે છે.

● જમીનની સ્વાસ્થ્ય ચકાસણી આધારિત જરૂરી માત્રામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે. મોંઘા રાસાયણિક ખાતર તથા તે ઉપરની સરકારી સબસિડીમાં બચત થાય છે.


























નેશનલ હાઈવે દ્વારા ડોળાસા બાયપાસ પર ઉના દર્શાવતું ભ્રામક બોર્ડ, રસ્તો જ નથી!

કોડીનાર, તા.૧૧



